| પત્રિકા ૧૬૪ | # ચિરાગે હિદાયત | ૨૨/૦૬/૧૮ ૭ શવ્વાલ |
| --- | --- | --- |

## આ અઠવાડિયાની મુનાસેબત

૦૮ શવ્વાલ – જન્નતુલ બકીઅના મઝારોને ઈબ્ને સઉદે ખંડીત કર્યા.

## જન્નતુલ બકીઅ

માહે શવ્વાલ ઘણી ઈસ્લામીક ઐતીહાસીક મુનાસેબતોનો મહિનો છે, જેમાં ૨ શવ્વાલ જંગે ખંદક વાકેઅ થઈ હતી, ૫ શવ્વાલ હઝરત મુસ્લીમ(અ.સ.) કુફા પહોંચ્યા હતા. જંગે ઓહદ, શકકુલ કમરનો વાકેઓ પણ આજ મહિનામાં થયો હતો અને ૮ શવ્વાલ કે જેને સમસ્ત શિયા સમાજ યવ્મે ગમ તરીકે મનાવે છે કારણ કે આ દિવસે હિજરી સન ૧૩૪૪ મુજબ ૨૧ એપ્રીલના રોજ અમુક ઈસ્લામના દુશ્મનોએ અઈમ્માહ(અ.મુ.સ.)ની કબ્રોને કે જેમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની દુખ્તર જનાબે ફાતેમા(સ.અ.) અને તેમના ફરઝંદ હઝરત હસને મુજતબા(અ.સ.) અને તેમના ફરઝંદ ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.), ઈમામ મોહમ્મદ બાકીર(અ.સ.) અને ઈમામ જાફરે સાદીક(અ.સ.)ની કબ્રને મીસ્માર કરી નાખી, તેમના કબ્રોના ગુબંજો અને રોઝાઓને ધ્વંસ કરી નાખ્યા જે મદીના શહેરના જન્નતુલ બકીઅ નામના કબ્રસ્તાનમાં છે.

જન્નતુલ બકીઅ એ અઝમત ધરાવતું કબ્રસ્તાન છે જેમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના એહલેબૈત(અ.મુ.સ.) ઉપરાંત તેમના સહાબીઓ આપ(સ.અ.વ.)ના ખૂબજ નજીકના સગા સંબંધીઓ પણ દફન છે. જેમાં જનાબે અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલીબ, આપ(અ.સ.) ફરઝંદ જનાબે ઈબ્રાહીમ અને બીજા ઘણા નઝદીકના કુટુંબીજનો અને સહાબીઓ આ કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યા છે.

આ દિવસને 'યવ્મુલ હદમ' એટલે કે ધ્વંસ કરવાનો દિવસ અથવા તોડી

પાડવાનો દિવસ પણ કહેવામાં આવે છે. આવા ધુર્ણાસ્પદ કૃત્યો આચારનાર ફકત પયગંબર(સ.અ.વ.) અને ઈસ્લામના દુશ્મનો જ છે જેઓએ આ કાર્ય દ્વારા પોતાની નજાસતનું સબુત આપ્યું અને હદ તો એ છે કે આવા કાર્યો માટે તેઓ એવા કારણો રજુ કરે છે કે ઈસ્લામમાં કબ્રો ઉપર ઈમારતો કે ગુબંજો બનાવી શકાય નહી. (જાએઝ નથી.)

આવા કારણોનો જવાબ આપતા પહેલા એટલું જ કહેવું કાફી છે કે જયારે આ ઘટના બની ત્યારે ન ફકત કબ્રો અને પવિત્ર સ્થળો ઉપર જ હુમલો થયો હતો પરંતુ મુસલમાન મર્દો, સ્ત્રીઓ, બાળકો અને બુઝુર્ગોને કત્લ કરવામાં આવ્યા હતા અને સડકો અને બજારોમાં લુંટમાર ચલાવી અને માલ તથા દૌલત લુંટી લીધા.

ઈતિહાસકારો લખે છે કે મદીનામાં બકીઅના રોઝામાંથી ૪૦ પેટીઓ કિંમતી હીરા, ઝવેરાત અને યાકુત તથા તલવારો અને બીજી ઘણી બધી મિલકતોને લુંટી લેવામાં આવી હતી અને તેથી જ ઓલમાઓએ મુસલમાનો માટે આ દિવસને એક મહાન મુસીબતનો દિવસ કરાર દીધો છે. આ બાબતો ઉપર નજર કરતા બકીઅને ધ્વંસ કરનારાઓનો મુખ્ય હેતુ માત્ર ઈસ્લામના ઈતિહાસને બરબાદ કરી નાખવો અને કયાંય પણ એહલેબૈત(અ.મુ.સ.) સંબંધિત નિશાનીઓ ન રહે તેથી તેને વિરાન અને બરબાદ કરવાનો હતો કે જે ઈસ્લામના ઈતિહાસની યાદગાર બરકતો હતી. શું કબ્રો ઉપર ઈમારત કે મસ્જીદ બાંધવી જાએઝ છે?

આ સવાલના સંદર્ભમાં ઈસ્લામના પુરા ઈતિહાસમાં અને ઈસ્લામના પહેલા પણ એવા ઘણાં બધા ઉદાહરણો છે કે જયાં કબ્રોનું બાંધકામ થતું અને હજી પણ થાય છે. દરેક યુગના મુસલમાનો અને દરેક મકતબે ફીક્રાના મુસલમાનો આમ કરતા હતા સિવાય કે એવા શંકાખોરો જેઓએ આવી શંકાઓ ઉદભવી છે,

જયારે કે આ કાર્યોના વિરોધમાં કુરઆન અને સુન્નતમાં કોઇ નાનકડું ઉદાહરણ પણ મળતું નથી.

૧) બલ્કે કુરઆને કરીમમાં સૂરએ બકરહ આ આયત નં.૧૨૫માં અલ્લાહ તઆલા પોતાના બંદાઓને મકામે ઈબ્રાહિમ (એ જગ્યા જયાં ઈબ્રાહિમ(અ.સ.) નમાઝ પઢતા હતા) ત્યાં નમાઝ પઢવાનો હુકમ આવ્યો છે.

**"અને ઈબ્રાહિમ(અ.સ.)ની ઉભા રહેવાની જગ્યાને નમાઝોની જગ્યા તરીકે લ્યો."** *(સૂરએ બકરહ, આયત નં.૧૨૫)*

આ આયતની હકીકતને સમજીએ કે જયારથી નબી ઈબ્રાહિમ(અ.સ.) તે જગ્યાએ ઉભા રહ્યા અને અલ્લાહની ઈબાદત કરી તે ખાસ મંઝેલત અને ફઝીલત ધરાવે છે, તેની બરકતો અને મહત્વથી અલ્લાહે મુસલમાનોને તે જગ્યા ઉપર નમાઝ પઢવા અને ત્યાંથી બરકત હાંસિલ કરવા હુકમ કર્યો છે.

૨) મસ્જીદે નબવીમાં મન્સુરે દવાનકીએ એહલે તસનુન ફીકહ માંહેના એક આગેવાન ઈમામ માલીકને એક વાર્તાલાપમાં પૂછયું "શું દોઆઓ કરતી વખતે મારે કીબ્લા રૂખ ઉભા રહેવું જોઈએ કે મારે રસૂલુલ્લાહ(સ.અ.વ.)ની દફનની જગ્યા તરફ રૂખ કરવો જોઈએ?"

ત્યારે માલીકે જવાબ આપ્યો "શા માટે તમે તમારા પિતા રસૂલુલ્લાહ(સ.અ.વ.)થી મોઢું ફેરવી રહ્યા છો? આપ(સ.અ.વ.) તમારી અને તમારા દાદા આદમ(અ.સ.)ની શફાઅત કરનાર છે. અલબત્ત રસૂલુલ્લાહ(સ.અ.વ.)ની કબ્ર તરફ રૂખ કરો અને તેમના દ્વારા શફાઅત મેળવો."

૩) હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) અને દુખ્તરે રસૂલે જનાબે ફાતેમા(સ.અ.) પોતાના કાકા જનાબે હમ્ઝા(અ.સ.)ની કબ્રની ઝીયારત દર જુમ્આએ કરતા. આપ(સ.અ.વ.) ત્યાં દોઆ કરતા અને રૂદન કરતા. આ બધીજ દલીલો એ વાતનો સંકેત કરે છે કે અવલિયાએ ઈલાહી અને અંબીયા(અ.મુ.સ.)ની કબ્રોની જગ્યા વધુ બરકત

અને ફઝીલત ધરાવે છે, મુસલમાનોનો કોઈ હેતુ નથી સિવાય કે આ જગ્યાએ દોઆ અને ઈબાદતો કરવાનો અને જેથી તે જગ્યાની ફઝીલત અને બરકત મેળવે અને તે જગ્યાએ અમલ બજાવી લાવે કે જયાં અલ્લાહની નઝરે કરમ વધારે હોય, જેથી અલ્લાહની રહેમત પ્રાપ્ત કરે.

જયારે ગુફાના અસ્હાબ (અસ્હાબે કહફ)નો કિસ્સો લોકોમાં ૩૦૯ વર્ષો પછી મશહુર થયો, તો ત્યાંના લોકો કે જેઓ મુવહહીદ હતા તેઓએ આ અસ્હાબે કહફને માન મરતબો દેવા માટે નક્કી કર્યુ કે તેમની કબ્રો ઉપર ઈમારત બનાવીએ. જેથી આ કાર્યથી આપણે તેઓની યાદ, નિશાનીઓને સાચવી શકીએ. ત્યારે કુરઆને મજીદે તેઓની આ દ્રષ્ટીને વખોડયા વગર બયાન કરી છે.

કુરઆનના તફસીરકારો એકમત છે કે જયારે અસ્હાબે કહફના બનાવનું વર્ણન કરવામાં આવે છે ત્યારે કુરઆનમાં આયત જોવા મળે છે.

**“જેઓ પોતાના કાર્યમાં કામ્યાબ થયા તેઓએ કહ્યું બેશક અમો તેઓની કબ્રો ઉપર મસ્જીદ બનાવીશું.”** *(સૂરએ કહફ, આયત નં. ૨૧)*

જો કબ્રો ઉપર મસ્જીદ કે ઈમારત બનાવવી જાએઝ ન હોય તો કુરઆન શા માટે વખોડયા વગર આ બાબતનું વર્ણન કરે છે? આ બતાવે છે કે આ કાર્ય ઈસ્લામમાં જાએઝ છે અને આવી જગ્યાઓ ફઝીલત ધરાવે છે અને બરકતનો સ્રોત છે.

**આવો અઝીઝો! અલ્લાહ તઆલા પાસે દુઆ કરીએ કે જન્નતુલ બકીઅની વિરાન કબ્રોને આબાદ કરવા અને તેની તામીર માટે ફરઝંદે ઝહેરા ઈમામ મહદી (અ.ત.ફ.શ.)ના ઝહુરમાં જલ્દી કરે. (ઈ.આમીન)**

**અલ્લાહુમ્મ અજજીલ લે વલીયેકલ ફરજ.**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com